ક્રિ.પ.અ.નં.૮૨૧/૨૦૧૮.

અરજદાર : મલખાનસિંઘ કલ્યાણસિંઘ ચૌહાન.

વિરુધ્ધ

સામાવાળા : રજીસ્ટ્રારશ્રી,જન્મ–મરણ ખાતુ,

અ.મ્યુ.કોર્પોરેશન.

આંક–૧ નીચે હુકમ.

૧) અરજદારે હાલની અરજી જન્મ–મરણ નોંધણી અધિનિયમની કલમ–૧૩(૩) હેઠળ પોતાના પુત્રની જન્મની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે.અરજદારે અરજીમાં એવી હકીકતો જણાવેલ છે કે, તેમના પુત્રનો જન્મ તા.૧૦–૮–૨૦૦૦ ના રોજ થયેલ છે અને જે તે વખતે શરતચુકથી તેમના પુત્રની જન્મ મરણ નોંધણી અધિનિયમ અન્વયે નોંધ કરાવવાની રહી ગયેલ છે જેથી હાલ નોંધ કરાવવા માટે આ અરજી આપેલી છે. અરજદારે અરજીમાં તેમના પુત્રની જન્મની નીચે મુજબની વિગતો આપેલ છે.

જન્મનારનું નામ–ગૌરવ મલખાનસિંઘ ચૌહાન.

જન્મતારીખ–૧૦–૮–૨૦૦૦.

પિતાનું નામ–મલખાનસિંઘ કલ્યાણસિંઘ ચૌહાન.

માતાનું નામ–મુન્નીબેન મલખાનસિંઘ ચૌહાન.

જન્મસ્થળ–૧૫, લલ્લુભાઈ ગોરધનની ચાલી, સોનીની ચાલી ચાર રસ્તા, રખીયાલ,અમદાવાદ.

૨) ઉપરોકત મુજબની વિગતો હોઈ અને જે તે વખતે જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોઈ તેથી સામાવાળા અરજદારના પુત્રની જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપે તેવી દાદ માંગેલ છે.

૩)   આ અરજી દાખલ થતાં અરજી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે અને કામ અરજીના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

<u>મૌખિક પુરાવા</u>

૧...અરજદારની  સરતપાસની એફીડેવીટ,  આંક–૬.

૨...મુન્નીબેન મલખાનસિંઘ ચૌહાનની સરતપાસની એફીડેવીટ, આંક–૭.

૩...અજય મલખાનસિંઘ ચૌહાનની સરતપાસની એફીડેવીટ, આંક–૮.

૪...નાગેન્દ્ર સિંઘ રમેશની  સરતપાસની એફીડેવીટ,આંક–૯.

<u>દસ્તાવેજી પુરાવા</u>

૧...અપ્રાપ્ય પ્રમાણપત્ર, નિ.–૩/૧.

૨...જી.આર.ની નકલ, આંક–૧૦.

૪)   આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોઈ જેથી અરજદારે જે સરતપાસનું સોગંદનામું આપેલ છે તે પણ સી.આર.પી.સી.કલમ–૨૯૬ હેઠળ ગ્રાહય હોઈ જેથી તેને ધ્યાને લેવામાં આવેલ છે.

૫)   આ કામે અરજદારના રજુ થયેલા પુરાવા જોતાં અરજદારના પુત્રની જે તે વખતે જન્મની નોંધ થયેલ ન હોવાનું જણાય છે અને અરજદારના પુરાવા જોતાં અરજદારના પુત્રનો જન્મ, તારીખ ૧૦–૮–૨૦૦૦ ના રોજ થયેલ હોય તેવું જણાય છે તે સંજોગોમાં આ અરજી મંજુર કરવાપાત્ર જણાય છે જેથી  નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>હુ ક મ</u>

અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારના પુત્રની નીચે મુજબની વિગતો નોંધી જરુર લેઈટ ફી લઈ જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપવો, તેવો હુકમ ફરમાવું છું.

જન્મનારનું નામ–ગૌરવ મલખાનસિંઘ ચૌહાન.

જન્મતારીખ–૧૦–૮–૨૦૦૦.

પિતાનું નામ–મલખાનસિંઘ કલ્યાણસિંઘ ચૌહાન.

માતાનું નામ–મુન્નીબેન મલખાનસિંઘ ચૌહાન.

જન્મસ્થળ–૧૫, લલ્લુભાઈ ગોરધનની ચાલી, સોનીની ચાલી ચાર રસ્તા, રખીયાલ,અમદાવાદ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૧૩–૩–૨૦૧૮.
અમદાવાદ.

(એ.એ.વાયડા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૬, અમદાવાદ.
જીજે ००९८६